**શ્રી મૈત્રી વિદ્યાપીઠ ટ્રસ્ટ, સુરેન્દ્રનગર સંચાલિત, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ સંલગ્ન**

# શ્રી સી. એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન

**માનવ મંદિર કેમ્પસ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨ (ગુજરાત)**

# આચાર્ય જોઈએ છે

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કવટ/ISC-8/આ. ભરતી/૨૦૨૫/૨૨૯૧૪-૧૫, તા.૧૮-૦૯-૨૦૨૫થી શ્રી સી.એચ.શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન, સુરેન્દ્રનગરમાં આચાર્યની જગ્યા ભરવા માટે મંજુરી મળેલ છે. નિયત લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

**શૈક્ષણિક લાયકાત:** યુજીસી રેગ્યુલેશન-૨૦૧૮ની માર્ગદર્શિકા તેમજ NCTE- Regulation, ૨૦૧૪ના નિયમ અનુસાર ઉમેદવાર માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક કક્ષાએ ૫૫% ગુણ, અનુસ્નાતક (M.Ed.) ની ડિગ્રી ૫૫% ગુણ તથા સંલગ્ન વિદ્યાશાખામાં પીએચ.ડી.ની પદવી ધરાવતા હોવા જોઈએ. ઉમેદવાર ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૦૨૦/CHE-૨૧૯/ખ. તા.૨૪/૦૫/૨૦૨૧ અને યુજીસી રેગ્યુલેશન-૨૦૧૮ મુજબ ઉમેદવાર કોલેજ, યુનિવર્સિટી કે ઉચ્ચ શિક્ષણની સંસ્થામાં એસોસીએટ પ્રોફેસર કે પ્રોફેસરના પગાર ધોરણ સાથે ઓછામાં ઓછો ૧૫ (પંદર) વર્ષનો શૈક્ષણિક/સંશોધન કે વહીવટી અનુભવ ધરાવતા હોવા જોઈએ. ઓછામાં ઓછા ૧૦ રીસર્ચ પબ્લીકેશન પિઅર રીવ્યુડ જર્નલ અથવા UGC Listed જર્નલમાં પ્રકાશિત થયેલ હોવા જોઈએ અને શૈક્ષણિક, વ્યવસાયિક લાયકાત અને નિયત ગુણાંકન- ૧૧૦ (API) ધરાવતા હોવા જોઈએ. ઉમેદવાર ભારતીય નાગરિક હોવા જોઈએ.

**પગાર ધોરણ :** ગુજરાત સરકારશ્રી તથા યુજીસીના પ્રવર્તમાન ધારા ધોરણ અનુસાર રહેશે.

**નોંધ:** ઉમેદવારોએ યુજીસી-રેગ્યુલેશન ૨૦૧૮ અનુસાર APIનું સ્વપ્રમાણિત ગણતરી પત્રક તથા યુનિવર્સીટીની પીએચ.ડી. સહીત તમામ ગુણપત્રકો, પદવી પ્રમાણપત્રો, અધ્યાપન અનુભવ, સંશોધન પેપરના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથેની વેબસાઈટ www.maitrividyapeeth.org પર મુકવામાં આવેલ નિયત નમૂનાના અરજી ફોર્મમાં જાહેરાત પ્રસિદ્ધ થયાના ૧૫ (પંદર) દિવસમાં મંત્રીશ્રી, મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગરને ઉપરોક્ત સરનામે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલવાની રહેશે. લાયકાત અને અન્ય વિગત માટે ઉમેદવારે સંસ્થાની વેબસાઈટ પર મુકેલ વિગતનો અભ્યાસ કરી લેવો. હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ વર્તમાન સંસ્થાના આચાર્યશ્રીનું NOC જોડવાનું રહેશે. અધુરી વિગત, નિયત નમુના સિવાયની અને સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ ધ્યાનમાં લેવાશે નહીં.

તા.૦૨-૧૦-૨૦૨૫
સુરેન્દ્રનગર

**ડૉ.નિખિલેશ દેસાઈ**
મેનેજિંગ ટ્રસ્ટી, મૈત્રી વિદ્યાપીઠ

**ડૉ.જયશ્રી દેસાઈ**
મંત્રી, મૈત્રી વિદ્યાપીઠ

CamScanner

Shri Maitri Vidyapeeth trust, Surendranagar Managed, Surashtra University, Rajkot Affiliated

# Shri C. H. Shah Maitri Vidyapeeth Mahila College of Education

Manav Mandir Campus, Surendranagar - 363002 (Gujarat)

# REQUIRED PRINCIPAL

Maitri Vidyapeeth trust managed Shri C. H. Shah Maitri Vidyapeeth Mahila College of Education has received NOC to fill up the post of Principal from commissionerate of Higher Education, Gandhinagar via letter number KVT/ISC-8/AA. Bharti 2025/22914-15 Date: 18/09/2025. Applications are invited from the prescribed qualified candidates.

**Educational Qualification:** As per the guidelines of UGC Regulation-2018 and NCTE- Regulation, 2014, the candidate should have a 55% Marks in Bachelor Degree and Master's degree (M.Ed.) from a recognized university and a Ph.D. degree in a related discipline. As per the resolution of the Education Department of the Government of Gujarat No.: NGC/1020/CHE-219/Kh. Dated 24/05/2021 and UGC Regulation-2018, the candidate should have at least 15 (fifteen) years of academic/research or administrative experience in a college, university or higher education institution with the pay scale of Associate Professor or Professor. At least 10 research publications should have been published in peer reviewed journals or UGC Listed journals and should have academic, professional qualifications and prescribed scoring – 110 (API). The candidate must be an Indian citizen.

**Pay scale :** As per the existing Norms of Gujarat Govt. and UGC.

**Note :** Candidate should submit self-attested calculation sheet of API as per UGC Regulation-2018. Candidate send their university's Ph.D. Certificate, All Marksheets, Degree Certificates, Teaching Experience Certificate, Research Paper Publication in the prescribe format application from placed on the website www.maitrividyapeeth.org within 15 days of publication of the advertisement to the Secretary, Maitri Vidyapeeth, Surendranagar at the above address should be sent by registered post. Candidates should study more details regarding Principal post visit the institutional website. Currently employed candidates have to attach NOC of the Principal of the current institution. Applications with the incomplete details other than the prescribed format and after the time limit will not be considered.

| | | |
|---|---|---|
| Dt-02.10.2025 | **Dr. Nikhilesh Desai** | **Dr. Jayshree Desai** |
| Surendranagar | Managing Trustee, Maitri Vidyapeeth | Secretary- Maitri Vidyapeeth |

CamScanner

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
બ્લોક નંબર ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર


आज़ादी का अमृत महोत्सव

જા. ન. કવટ/ISC-8/આ.ભરતી/૨૦૨૫/ 22914-15 તા. 18/9/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી, પ્રમુખ, મંત્રીશ્રી,
શ્રી સી. એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન,સુરેન્દ્રનગર

વિષય: બિન સરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની ખાલી જગ્યા ભરવા એન.ઓ.સી. આપવા બાબત.

સંદર્ભ: 1. યુ.જી.સી. રેગ્યુલેશન ઓન મિનિમમ ક્વોલીફીકેશન ફોર અપોઈન્મેન્ટ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઈન યુનિવર્સિટીઝ એન્ડ કોલેજીસ એન્ડ મેજર્સ ફોર ધ મેઈન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઈન હાયર એજ્યુકેશન, ૧૮ જુલાઈ ૨૦૧૮.
2. યુ.જી.સી. રેગ્યુલેશન ઓન મિનિમમ ક્વોલીફીકેશન ફોર અપોઈન્ટમેન્ટ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઈન યુનિવર્સિટીઝ એન્ડ કોલેજીસ એન્ડ મેજર્સ ફોર ધ મેઈન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઈન હાયર એજ્યુકેશન, ૩૦ જૂન ૨૦૧૦.
3. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ખ/ તા. 29/09/2011
4. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ખ/ તા. 18/06/2012
5. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ ખ/ તા. 20/01/2014
6. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ ખ/ તા. 28/05/2015
7. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ ખ/ તા. 18/04/2016
8. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ ખ/ તા. 02/07/2020
9. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/1020/CHE-219 /ખ/ તા. 24/05/2021
10. સંસ્થાના પત્ર ક્રમાંક:51/2024-2025, તા. 28/04/2025

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને આપના સંદર્ભ-10 અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભ-૯ હેઠળના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની કેટલીક શરતોને આધીન વિકેન્દ્રીકૃત પધ્ધતિથી સમાલાપ કાર્યવાહી કરી ભરવા માટે મંજૂરી આપવામાં આવેલ હોઇ આપની દરખાસ્ત અન્વયે આપની સંસ્થામાં ખાલી પડેલ આચાર્યની જગ્યા સંદર્ભ-1 થી ૯ માં જણાવેલ યુજીસી ગાઇડલાઇન્સ તેમજ સરકારશ્રીના ઠરાવોની વખતોવખતની સુચનાઓ અને જોગવાઇઓ અનુસાર કોલેજોમાં ચાલતા વિષયના આચાર્યની જગ્યાની ભરતી પ્રક્રિયા કરવા નીચેની શરતોને આધીન આચાર્યની પસંદગી કરવા માટે એન.ઓ.સી. આપવામાં આવે છે.

શરતો:

1. સંબંધિત કોલેજો દ્વારા એન.ઓ.સી. મળ્યાના વધુમાં વધુ ૭૫ દિવસોમાં ભરતીની પ્રસિધ્ધિ ગુજરાતના અગ્રગણ્ય વર્તમાનપત્રો (એક અંગ્રેજી અને ચાર ગુજરાતી) માં જાહેરાત એવી રીતે આપવી કે ગુજરાત રાજ્યના દરેક ઝોન (ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ)માં પ્રસિધ્ધ થાય. ભરતીની જાહેરાત, અરજીનો નમૂનો અને સંદર્ભ દર્શિત ઠરાવની કોલેજની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા ભરતીની જાહેરાતની નકલ તેઓની વેબસાઇટ, નોટિસબોર્ડ પર પ્રસિધ્ધિ પ્રસિધ્ધિ માટે રાજ્યની યુનિવર્સિટીઓને મોકલવાની રહેશે.
2. શિક્ષણ વિભાગના સંદર્ભ-૭માં જણાવેલ ઠરાવની શરત-૬ની જોગવાઇ મુજબ એન.ઓ.સી. મળ્યેથી જાહેરાત આપી, જાહેરાત અન્વયે આવેલી અરજીઓની વિગતોનું પત્રક તૈયાર કરી આ કચેરીએ મોકલવાની ઇન્ટરવ્યું અંગેની તારીખ જાહેરાત પ્રસિધ્ધ થયેથી મેળવી લેવાની રહેશે.
3. પસંદગી સમિતિમાં સરકારી પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવે તે જોવાનું રહેશે. સરકારી પ્રતિનિધિએ ફરજિયાત હાજર રહેવાનું રહેશે તેમજ તમામ પત્રકોની ખરાઇ કરવાની રહેશે અને દસ્તાવેજોની ચકાસણી કરવાની રહેશે. ઇન્ટવ્યુની કાર્યવાહી પૂર્ણ થયા બાદ પસંદગી કાર્યવાહી સંબંધિત તમામ પત્રકો સમિતિના તમામ સભ્યોની તારીખ સાથેની સહીઓ મેળવીને તે જ દિવસે સરકારી પ્રતિનિધિને સોંપવાના રહેશે. ત્યારબાદ જ પસંદગી સમિતિના સભ્યોએ ઇન્ટવ્યું સ્થળ છોડવાનું રહેશે.
4. સંબંધિત કોલેજ જે યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી હોય તે યુનિવર્સિટીના કેમ્પસમાં ઇન્ટરવ્યું યોજવાના રહેશે. ઇન્ટરવ્યુ પૂર્ણ થયાના બીજા દિવસે ચેક લિસ્ટ, નિયત પત્રકો અને આધારો સાથેની ફાઇલ ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીમાં જમા કરાવવાની રહેશે.
5. લઘુમતિ સંસ્થાએ સરકારશ્રીના સંદર્ભ-૩માં દર્શાવેલ તા.૨૯-૦૯-૨૦૧૧ના ઠરાવમાં જણાવ્યા મુજબ પસંદગી સમિતિની રચના કરવાની રહેશે.
6. ઉમેદવારની પસંદગી પ્રક્રિયા ઉપર વંચાણે લીધેલા સંદર્ભ-૯ પરના ઠરાવથી નિયત કરેલ ગુણાંકન પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે. રીસર્ચ સ્કોરની ગણતરી કરવા માટે યુજીસી રેગ્યુલેશન-૨૦૧૮ના એપેન્ડિક્ષ-૨ના ટેબલ-૨ પ્રમાણે કરવાની રહેશે.
7. સંસ્થાને આપવામાં આવેલ એન.ઓ.સી. મુજબની જગ્યાઓ માટે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, નિમણૂક, એસોસિયેટ પ્રોફેસરના પગાર ધોરણ(સાતમા પગાર પંચ મુજબ)માં પ્રમોશન તથા અનુભવ શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઇઓ મુજબ તથા યુજીસીના ધોરણો અનુસાર હોય જેની નોંધ સેવાપોથીમાં સરકાર દ્વારા અધિકૃત અધિકારી દ્વારા સહી-સિક્કા કરી પ્રમાણિત કરેલ હોય તો જ ધ્યાને લેવામાં આવશે. આ મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારની પસંદગી કરી શકાશે. અન્યથા ઉમેદવારના પગાર, ભથ્થા અનુદાનને પાત્ર ગણાશે નહી.
8. ઉમેદવારની લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખ સુધી મેળવેલ હશે તેજ ધ્યાને લેવાશે.
9. આચાર્ય તરીકે નિમણૂક પામતાં ઉમેદવારના તમામ ડોક્યુમેન્ટસની નકલની ફાઇલ (હાર્ડ તથા સોફ્ટ કોપી) કોલેજના દફતરે નિભાવવાની રહેશે.
10. નિમણૂક આપતા પહેલા પૂર્વ મંજૂરી માટે આ કચેરીના પરિપત્ર તથા ચેકલિસ્ટ મુજબ સાધનિક કાગળ, પત્રકો (પ્રતિનિધિ દિઠ તેમજ એકંદર પત્રક તથા રોજકામની નકલ) વગેરે દરખાસ્તમાં અચૂક સામેલ રાખવાના રહેશે.

11. નિમણૂક આપતા પહેલા વહીવટી મંજૂરી માટે આ કચેરીના પરિપત્ર તથા ચેકલિસ્ટ મુજબ આવશ્યક
કાગળો, પત્રકો વગેરે દરખાસ્તમાં અચૂક સામેલ રાખવાના રહેશે.

12. શિક્ષણ વિભાગના તા.૦૬-૧૦-૧૯૯૮ના ઠરાવમાં સૂચિત જોગવાઇ મુજબ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોમાં
રાજ્ય સરકાર અથવા સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી સિવાય નિમણૂક નહી કરવાની જોગવાઇ મુજબ આ
કચેરીના તા.૦૨-૦૧-૧૯૯૯ પત્રક્રમાંક: ઉબક-ડીપી(ય-૧)ક-૯૮-૯૯/૨૦૩૯-૪૨૩ની સૂચના મુજબ
પસંદગી સમિતિએ પસંદ કરેલ ઉમેદવારની નિમણૂક આ કચેરીની પૂર્વ મંજૂરી મળ્યા બાદ જ નિમણૂક
હુકમ આપવાનો રહેશે.

13. શિક્ષણ વિભાગના વખતો-વખતના ઠરાવ તથા યુજીસી-૨૦૧૮ની અમલવારી તથા જોગવાઇ મુજબ
આચાર્યની જે કામગીરી અને ફરજો નક્કી કરેલ છે તે મુજબ અમલ કરવાનો રહેશે.

14. જો નિમણૂક સરકારી નિયમોની જોગવાઇ અનુસાર નહિ હોય તેમજ આ નિમણૂકને યુનિવર્સિટીની માન્યતા
ન મળે તો આ નિમણૂકના કારણે ચુકવાયેલ પગાર અનુદાનને પાત્ર રહેશે નહી.

15. નિમણૂક પામનારની સંવર્ગના અધિકારી/કર્મચારીઓને ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો
બજાવવાની રહેશે.તે કોલેજ માટે ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે પ્રમાણે હાજરી આપવાની
રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્ય પાર્ટ ટાઇમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ
સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ
બજાવવાની રહેશે.

16. પસંદગી પામનાર ઉમેદવારે, અગાઉ બજાવેલ સેવાની બાબતે અથવા ભારતના પ્રસ્થાપિત કોઇપણ
કાયદા હેઠળ ફોજદારી, દીવાની કાર્યવાહીમાં દોષિત સાબિત થયેલ હોય તે કાર્યવાહી ચાલુ હોય તો તેની
વિગતો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે.

17. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી કે અર્ધસરકારી સરકાર
હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તેમજ કોઇપણ તપાસ ચાલુ હોય
તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

18. અગાઉ ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ રુખસદ
કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

19. પસંદગી પામેલ ઉમેદવારે આખરી નિમણૂક પત્ર મેળવતાં પહેલા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને
ભરતી (સામાન્ય નિયમો) ૧૯૬૭નાં નિયમ-૮(૧-એ) ની જોગવાઈ અન્વયે સરકારશ્રીનાં સામન્ય વહીવટ
વિભાગનાં તા.૧૩-૦૮-૨૦૦૮નાં ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫ સાથેનાં પત્રક-
૧માં દર્શાવેલ અભ્યાસક્રમ મુજબનાં કોમ્પ્યુટર વિષયની જાણકારી અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

20. આ એન.ઓ.સી. મુજબની આચાર્યની જગ્યા સીધી ભરતીથી ભરવાની હોઈ, શારીરીક યોગ્યતા, ચારિત્રય
સંબંધી તપાસ, નાગરિકત્વ સંબંધી શરતો, ઠરાવેલી લાયકાત સંબંધી શરતો અજમાયશી સમયગાળા
અંગેની શરત, નિયોકતાની પૂર્વ સંમતિ, નિમણૂક બાદ ખાતાકીય પરિક્ષા વગેરે સંબંધે
સંસ્થા/યુનિવર્સિટી/રાજ્ય સરકાર અથવા યુ.જી.સી. રેગ્યુલેશનમાં અન્યથા જોગવાઈ કરવામાં આવેલ ન
હોય તો, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ નાં ભાગ-૩ અને ભાગ-
૪માં દર્શાવ્યા મુજબ યથાયોગ્ય રીતે લાગુ કરવાનાં રહેશે.

21. આ એન.ઓ.સી. સંદર્ભે અંતિમ નિર્ણય કરવાનો અધિકાર તથા એન.ઓ.સી.ની શરતોમાં ફેરફાર કરવાનો હક તથા પૂર્વમંજૂરી સમયે ઉમેદવારનાં સંદર્ભે રાજ્ય સરકારનાં પ્રવર્તમાન નિયમો/ઠરાવોની જોગવાઈઓને આધિન શરતો નક્કી કરવાનો હક ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીનો રહેશે.

22. સંસ્થા દ્વારા સદર એન. ઓ. સી. અન્વયે કરેલ કાર્યવાહી કર્યા બાદ ઇંટરવ્યુની તારીખ અને સરકારી પ્રતિનિધિની માંગણી તથા ત્યારબાદ પૂર્વમંજૂરી અને વહીવટી મંજૂરી અંગેની સંપૂર્ણ દરખાસ્ત હાર્ડકોપી સાથે સોફ્ટ કોપીમાં પેન ડ્રાઇવ માં રજૂ કરવાની રહેશે.

<u>નોંધ ઉપર માન. કમિશનરશ્રીના આદેશ અનુસાર.</u>

નાયબ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર.

નકલ રવાના:

- રજીસ્ટારશ્રી, સંબધિત યુનિવર્સિટી તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારુ

# Maitri Vidyapeeth Trust

Manav Mandir, Surendranagar

*Affix*
*Recent*
*Passport size*
*Photo*

Application form for the post of **Principal**
in
Shri C. H. Shah Maitri Vidyapeeth Mahila College of Education, Surendrangar

**NOTE :**

a) **The application should be submitted along with attested copies of the relevant certificates, mark sheets, testimonials etc.**
b) **Additional sheets of paper may be attached if the space provided against any item is insufficient.**
c) **Minimum Qualification and Experience as per norms of UGC Regulation-2018 and Gujarat Government rules.**
d) **Candidate is required to mention e-mail address and Mobile number.**
e) **Candidate is required to fill in the form for calculating API's as per Appendix – III Table II.**

**Sample of Candidate's Application**

| Sr. No. | Candidate's Detail | |
|---|---|---|
| ૧ | Name of Candidate | |
| ૨ | Address of Candidate | |
| ૩ | Contact Number of Candidate | |
| ૪ | E-mail ID of Candidate | |
| ૫ | Current Designation | |
| ૬ | Name of Current Institution | |
| ૭ | Educational Qualification | |
| ૮ | Total Experience in years | |
| ૯ | Experience as Associate Professor approved by the University | |
| ૧૦ | Experience of Research work approved by the University | |
| ૧૧ | Year of Ph.D. Completion | |
| ૧૨ | University of Ph.D. | |
| ૧૩ | Research Score According to UGC Regulations-2018 Appendix-II Table-2 | |
| ૧૪ | Number of Research papers published in peer reviewed or UGC listed journal. | |

1. Name in full (**in Block Letters**) :

Shri
Smt.______________________________________________
Kum. (SURNAME) (NAME) (FATHER'S / HUSBAND'S NAME)

2. Full address for correspondence:

| **Present** | **Permanent** |
|---|---|
| ______________________________ | ______________________________ |
| ______________________________ | ______________________________ |
| __________________Pin__________ | __________________Pin__________ |
| Mob./ Phone No. :________________ | Phone No.:____________________ |

**E-Mail ID:**______________________________________________

**AADHAR Number:**__________________________________________

3. Gender: Male/Female_____________ Date of Birth: __________(DD/MM/YY)
Category: General/SC/ST/OBC Age:______________________
Nationality: __________________ Mother tongue__________________

4. Place of Birth : Town / Village:_____________________ Tal.______________

Dist.: ___________________ State__________________

5. Languages Known :

| | | | | |
|---|---|---|---|---|
| Read | | | | |
| Write | | | | |
| Speak | | | | |

6. Educational Qualifications: (Beginning with HSC Exam.)

| Examination Passed | University / Board | Year of Passing | Percentage | Subjects / Discipline |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

7. Details of Experience: (After obtaining the basic Degree)

| Name & Address of the Employer/Institute | Designation of the post held | Period of Service From: To | Nature of Service | Total Salary drawn p.m. (Rs.) |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

8. Research experience with details of research papers and articles published:

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

9. Details of Publications, if any:

Book / Monographetc.

| Title | Month / Year | Name of Publisher |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

10. Details of any other innovations / activity involved during professional career:

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

11. Present Designation:__________________ Institute:_______________________

Date of Joining present post:_________________

Present Pay Rs. _________Pay Band_____________________AGP__________

Total emoluments, pm. Rs. ______________________

12. List of Testimonials / Certificates / Mark sheets /Degree Certificates/ IT Return of Last five Years/ Service book copy with 6000 to 9000 GP assign by authorized officer/NOC/Experience Certificates/All OP and RC Certificates/Papers/Books front page of which copies are attached with the application:

| | |
|---|---|
| 1. | 5. |
| 2. | 6. |
| 3. | 7. |
| 4. | 8.… |

---

13. Whether the candidate is convicted for any offence under any Civil / Criminal Law? **Yes / No**
*(If yes, provide the details)*

14. Whether any Civil / Criminal Case is pending? **Yes / No**
*(If yes, provide the details)*

I hereby declare that the information given above is true and correct to the best of my knowledge, information and belief.

PLACE:__________________

DATE:___________________

_____________________________
Signature of the Candidate

## (NOC) ENDORSEMENT OF THE CURRENT EMPLOYER (IF APPLICABLE)

1. The application of ________________________________________is hereby forwarded with the remarks that we have No Objection to her/his application being considered by Maitri Vidyapeeth Trust, Surendrangar for the post of Principal in Shri C. H. Shah Maitri Vidyapeeth Mahila College of Education, Surendranagar - 363002 (Gujarat)

2. Certified that the information given by the applicant in this application form has been checked / verified and found to be correct with reference to her/his service records.

3. It is certified that no vigilance case is pending/contemplated against the applicant and she/he is clear from vigilance angle.

**Signature of the Employer**
**(with office seal)**

## ઈન્ટરવ્યુમાં પેરામીટર્સ પ્રમાણે ગુણાંકન

ઈન્ટરવ્યુમાં નીચે મુજબના પેરામીટર્સ પ્રમાણે ગુણાંકન કરવાનું રહેશે.

**100% Score based on interview**

| Sr. | Parameter | Weightage % |
|---|---|---|
| A | Assessment of aptitude for teaching, research and administration | 35 |
| B | Ability to communicate clearly and effectively | 15 |
| C | Ability to plan institutional programs, analyse and discuss curriculum development and delivery, research support and college development/ administration | 35 |
| D | Ability to deliver lecture programs to be assessed by requiring the candidate to participate in group discussion or exposure to a classroom situation by a lecture | 15 |
| | Total | 100 |

## Appendix-2 Table-2
## For the calculation of Research Score

**Table 2**

**Methodology for University and College Teachers for calculating Academic/Research Score**

(Assessment must be based on evidence produced by the teacher such as: copy of publications, project sanction letter, utilization and completion certificates issued by the University and acknowledgements for patent filing and approval letters, students' Ph.D. award letter, etc,.)

| S.N. | Academic/Research Activity | Faculty of Sciences /Engineering / Agriculture / Medical /Veterinary Sciences | Faculty of Languages / Humanities / Arts / Social Sciences / Library /Education / Physical Education / Commerce / Management & other related disciplines |
|---|---|---|---|
| 1. | **Research Papers in Peer-Reviewed or UGC listed Journals** | 08 per paper | 10 per paper |
| 2. | **Publications (other than Research papers)** | | |
| | **(a) Books authored which are published by ;** | | |
| | International publishers | 12 | 12 |
| | National Publishers | 10 | 10 |
| | Chapter in Edited Book | 05 | 05 |
| | Editor of Book by International Publisher | 10 | 10 |
| | Editor of Book by National Publisher | 08 | 08 |
| | | | |
| | | | |
| | **(b) Translation works in Indian and Foreign Languages by qualified faculties** | | |
| | Chapter or Research paper | 03 | 03 |
| | Book | 08 | 08 |
| 3. | **Creation of ICT mediated Teaching Learning pedagogy and content and development of new and innovative courses and curricula** | | |
| | **(a) Development of Innovative pedagogy** | 05 | 05 |
| | **(b) Design of new curricula and courses** | 02 per curricula/course | 02 per curricula/course |
| | **(c) MOOCs** | | |
| | Development of complete MOOCs in 4 quadrants (4 credit course)(In case of MOOCs of lesser credits 05 marks/credit) | 20 | 20 |
| | MOOCs (developed in 4 quadrant) per module/lecture | 05 | 05 |
| | Content writer/subject matter expert for each module of MOOCs (at least one quadrant) | 02 | 02 |
| | Course Coordinator for MOOCs (4 credit course)(In case of MOOCs of lesser credits 02 marks/credit) | 08 | 08 |
| | **(d) E-Content** | | |
| | Development of e-Content in 4 quadrants for a complete course/e-book | 12 | 12 |
| | e-Content (developed in 4 quadrants) per module | 05 | 05 |
| | Contribution to development of e-content module in complete course/paper/e-book (at least one quadrant) | 02 | 02 |
| | Editor of e-content for complete course/ paper /e-book | 10 | 10 |
| 4 | **(a) Research guidance** | | |

| | | | |
|---|---|---|---|
| | Ph.D. | 10 per degree awarded<br>05 per thesis submitted | 10 per degree awarded<br>05 per thesis submitted |
| | M.Phil./P.G dissertation | 02 per degree awarded | 02 per degree awarded |
| . | **(b) Research Projects Completed** | | |
| | More than 10 lakhs | 10 | 10 |
| | Less than 10 lakhs | 05 | 05 |
| | **(c) Research Projects Ongoing :** | | |
| | More than 10 lakhs | 05 | 05 |
| | Less than 10 lakhs | 02 | 02 |
| | **(d) Consultancy** | 03 | 03 |
| 5 | **(a) Patents** | | |
| | International | 10 | 10 |
| | National | 07 | 07 |
| | **(b) *Policy Document (Submitted to an International body/organisation like UNO/UNESCO/World Bank/International Monetary Fund etc. or Central Government or State Government)** | | |
| | International | 10 | 10 |
| | National | 07 | 07 |
| | State | 04 | 04 |
| | **(c) Awards/Fellowship** | | |
| | International | 07 | 07 |
| | National | 05 | 05 |
| . | | | |
| | | | |
| | | | |
| 6. | ***Invited lectures / Resource Person/ paper presentation in Seminars/ Conferences/full paper in Conference Proceedings (Paper presented in Seminars/Conferences and also published as full paper in Conference Proceedings will be counted only once)** | | |
| | International (Abroad) | 07 | 07 |
| | International (within country) | 05 | 05 |
| | National | 03 | 03 |
| | State/University | 02 | 02 |

**The Research score for research papers would be augmented as follows :**

Peer-Reviewed or UGC-listed Journals (Impact factor to be determined as per Thomson Reuters list) :

i) Paper in refereed journals without impact factor - 5 Points

ii) Paper with impact factor less than 1 - 10 Points

iii) Paper with impact factor between 1 and 2 - 15 Points

iv) Paper with impact factor between 2 and 5 - 20 Points

v) Paper with impact factor between 5 and 10 - 25 Points

vi) Paper with impact factor >10 - 30 Points

(a) Two authors: 70% of total value of publication for each author.

(b) More than two authors: 70% of total value of publication for the First/Principal/Corresponding author and 30% of total value of publication for each of the joint authors.

Joint Projects: Principal Investigator and Co-investigator would get 50% each.

ની / મળી ૨૦૧૧
૩૧૨

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ખ.
સચિવાલય, ગાંધીનગર
તારીખ 29 SEP 2011

<u>વંચાણે લીધા-</u>

(૧) યુ.જી.સી. રેગ્યુલેશન ઓન. મીનીમમ ક્વોલીફીકેશન્સ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિકસ સ્ટાફ ઇન યુનિવર્સિટી એન્ડ કોલેજીસ એન્ડ એન્ડ મેઝર્સ ફોર ધ મેન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઇન હાયર એજ્યુકેશન. ૨૦૧૦- તા.૩૦-૬-૨૦૧૦

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી મારફત રજુ થયેલ સીંગલ ફાઇલ ક્રમાંક-૧૪૭- તા.૫/૭/૨૦૧૧

<u>આ મુ ખ -</u>

રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં લાબા સમયથી ખાલી રહેલ આચાર્યની જગ્યાઓ ભરવા માટે તથા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૧) ની યુ.જી.સી.ની માર્ગદર્શક સુચનાઓને ધ્યાને લેતાં આચાર્યની ભરતી માટે શૈક્ષણિક લાયકાતના ધોરણો નકકી કરવા તથા ભરતી પસંદગી પ્રકિયા નકકી કરવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ધ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૨) થી સીંગલ ફાઇલ ઉપર દરખાસ્ત રજુ થયેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠ રા વ -</u>

બિન સરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો તથા શિક્ષણ(બી.એડ) વિધાશાખાની કોલેજો માટે આચાર્યની લાયકાત, પસંદગી પ્રકિયા તથા નિમણૂંક અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ આથી માર્ગદર્શક સુચનાઓ અનુસારનું ઠરાવવામાં આવે છે.

(૧) શૈક્ષણિક લાયકાત- યુ.જી.સી. રેગ્યુલેશન્સ-૨૦૧૦ ની જોગવાઇ પારા નં. ૪.૨.૦ પ્રમાણે નીચે મુજબ રાખવાની રહેશે.

૪) માન્ય યુનિવર્સિટીની અનુસ્નાતક પદવી ... યુનિવર્સિટીઓમાં
તેની સમાન ગ્રેડ જ્યાં ગ્રેડેશન પધ્ધતિ અમલમાં છે એવી યુનિવર્સિટીઓમાં ... પી.એચ.ડી.ની પદવી પ્રકાશિત સંશોધન લેખો યા સંશોધન

બ) સંબંધિત વિદ્યાશાખામાં પી.એચ.ડી.ની પદવી
માર્ગદર્શન

ક) શૈક્ષણિક સંસ્થાઓ તેમજ અન્ય ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં ૧૫ વર્ષનો શૈક્ષણિક
અનુભવ અથવા સંશોધન અનુભવ અથવા વહીવટી અનુભવ

(૨) ભરતી અને ગુણાંકન-રાજ્યની અનુદાનિત કોલેજોમાં અનુભવે જણાયેલ છે કે ઘણા લાંબા સમયથી આચાર્યની જગ્યા ખાલી રહેવા પામેલ છે. જેને કારણે કોલેજના વહીવટ તથા રોજબરોજની કામગીરીમાં મુશ્કેલી અનુભવાતી હોવાથી તે કોલેજોમાં નોર્મ્સ પ્રમાણે આચાર્યની જગ્યા મળવાપાત્ર છે અને કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી ધ્વારા આચાર્યની ભરતી માટે N.O.C. આપવામાં આવેલ છે તેવી કોલેજોમાં ભરતીની પ્રક્રિયા ગુણવત્તા આધારીત, વિશ્વાસનીય અને પારદર્શક, કરકસર યુકત અને ઝડપી બની શકે તે માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ધ્વારા કેન્દ્રિય ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. જે કોલેજો આ ભરતી પ્રક્રિયા માટે લેખીતમાં સંમતિ આપશે તેઓએ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ધ્વારા નક્કી કરવામાં આવે તે સ્થળે કેમ્પમાં તેઓના પ્રતિનિધિ સાથે હાજર રહેવાનું રહેશે.

(3) પસંદગી સમિતિ- આ હેતુ માટે પસંદગી સમિતિ નીચે મુજબની રહેશે.

૧. કોલેજ ગવર્નીંગ બોડી /મેનેજમેન્ટના પ્રમુખ/ચેરમેન તરીકે.

૨. કોલેજ મેનેજમેન્ટના બે સભ્ય

૩. સબંધિત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ધ્વારા નિયુકત થયેલ એક પ્રતિનિધિ.

૪. સબંધિત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ધ્વારા નિયુકત થયેલ વ્યકિતઓ જેમાના એક સબંધિત વિષયના નિષ્ણાંત હોવા જરુરી છે. જે શૈક્ષણિક સંસ્થાઓને લઘુમતી સંસ્થાઓનો દરજ્જો પ્રાપ્ત થયેલ છે. તેવા કિસ્સામાં જે તે સંસ્થાના પ્રમુખ વાઇસ ચાન્સેલર ધ્વારા નિયુકત પાંચ વ્યકિતઓની પેનલમાંથી કોઇ પણ બે વ્યકિતઓની નિયુકિત કરશે, આ વ્યકિતઓ લઘુમતી કોમની હોય તે ઇચ્છનીય છે, જેમાના એક વિષય નિષ્ણાંત હોવા જરુરી છે.

૫. કોલેજ સાથે સંકળાયેલ ન હોય તેવા બે વિષય નિષ્ણાંતો જે સબંધિત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર દસ વિષય નિષ્ણાંતોની પેનલમાંથી ગવર્નીંગ બોડીના પ્રમુખ ધ્વારા નિયુકત કરવામાં આવશે. જે શૈક્ષણિક સંસ્થાઓને લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓનો દરજ્જો પ્રાપ્ત થયો છે તેવી સંસ્થાઓમાં આવી વ્યકિતઓ લઘુમતિ કોમની હોય તે ઇચ્છનીય છે.

૬. એક શિક્ષણવિદ જે SC/ST/OBC/minority/Women/differentially abled
કેટેગરીના હોવા જરૂરી બનશે જ્યારે ઉપર દર્શાવેલ સભ્યોમાંથી કોઇ એક આ કેટેગરીના
આ હોય તેમની નિયુકિત સબંધિત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરે કરવાની રહેશે.
૭. કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજ્ય અથવા સંયુકત શિક્ષણ નિયામક.
૮. પસંદગી સમિતિમાં ઉપર જણાવેલ કમિટી પૈકી ઓછામાં ઓછા ૬ સભ્યો એટલે કે ત્રણમાંથી બે વિષય નિષ્ણાંત તથા અન્ય સભ્યો પૈકી કોઇ પણ ચાર સભ્યો હાજર હશે તો જ સમાલાપ કાર્યવાહીનું કોરમ થયાનું ગણવામાં આવશે.

પસંદગી પામેલ ઉમેદવાર ૧૫ દિવસમાં જે તે કોલેજમાં હાજર થાય તે જોવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી તથા જે તે સબંધિત કોલેજની રહેશે. જે કોલેજોએ આ કાર્યવાહી કરવામાં નિષ્ફળ જશે તો તે કોલેજો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૫. જે કોલેજો ઉપર મુજબની પ્રક્રિયામાં જોડાવા ન માંગતી હોય તેવી કોલેજોએ ભરતીની પ્રક્રિયા સબંધિત યુનિવર્સિટીના મુખ્ય મથકે કરવાની રહેશે. અને બાકીની તમામ પ્રક્રિયા આ ઠરાવની જોગવાઇ મુજબ કરવાની રહેશે. આ પ્રક્રિયાના પરિણામો કાર્યવાહી પુરી થયાના એક સપ્તાહમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીને મોકલી આપી તેની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

૬. એન.ઓ.સી. અંગેના કોઇ પણ વિવાદ અંગે અંતિમ નિર્ણય ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનો રહેશે.

૭. સબંધિત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરે યુજીસીની માર્ગદર્શિકા અનુસાર નિષ્ણાંત/પ્રતિનિધિની નિયુકિત કરવાની રહેશે. જેમણે પસંદગી પામેલ ઉમેદવારને સ્થળ ઉપર જ યુનિવર્સિટી ધ્વારા "માન્ય શિક્ષક" (recognized teacher) તરીકે માન્યતા આપવાની રહેશે.

૮. પસંદગી પ્રક્રિયા માટે પસંદગી સમિતિએ આ સાથે સામેલ ગુણાંકન પધ્ધતિ (માર્કીંગ સ્કીમ)નો અમલ કરવાનો રહેશે. એનેક્ષચર-"અ"

૯. પસંદગી પામેલ ઉમેદવારે તેઓની શ્રેયાનતાના આધારે તેમને મળવાપાત્ર વિકલ્પ અન્વયે આપેલ સંમતિના આધારે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની પૂર્વ મંજુરી મળ્યા બાદ સબંધિત કોલેજે ઉમેદવારને નિમણૂંક પત્ર આપવાનો રહેશે.

૧૦. સબંધિત તમામ યુનિવર્સિટીઓએ તેઓના ઓર્ડિનન્સ અને સ્ટેચ્યુટમાં "આચાર્ય" ની ભરતી પ્રક્રિયા અંગે ઠરાવને સુસંગત રહે તે મુજબ સુધારો કરવાનો રહેશે.

૧૨. વિભાગના તા.૧૮/૫/૨૦૧૧ના ઠરાવમાં સુચવાયેલ અનુદાનિત કોલેજો સિવાય યુનિવર્સિટીઓ માટેની શૈક્ષણિક જગ્યાઓ માટે લાયકાત અને ભરતી અન્વયેની જોગવાઇઓ યથાવત રહેશે પરંતુ દરેક યુનિવર્સિટીએ ખાલી જગ્યાઓ ભરવા પ્રથમ

યુનિવર્સિટીના સ્ટેચ્યુટ/ઓર્ડિનન્સ માં સુધારો કર્યા બાદ જગ્યાઓની મંજુરી સરકારશ્રી પાસેથી મેળવી ભરતી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( બી.જે. બ્રહ્મભટ્ટ )
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ-રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ-૨(પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ-રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય,
- નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, મહારાજા સયાજીરાવ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વડોદરા
- રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.
- રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
- રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
- રજીસ્ટ્રારશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર-૩૬૪૦૦૨
- રજીસ્ટ્રારશ્રી, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ, યુનિવર્સિટી, ભૂજ
- રજીસ્ટ્રારશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, જી. જુનાગઢ
- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત આર્ટસ, સાયન્સ, કોમર્સ, કાયદા અને બી.એડ. કોલેજ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર( ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, ખ.૧, શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ-ખ-શાખા.

બિન સરકારી કોલેજોમાં
આચાર્યની ભરતી પ્રક્રિયા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ખ,
સચિવાલય, ગાંધીનગર ....
તારીખઃ 18 JUN 2012

વંચાણે લીધા-

(૧) શિક્ષણ વિભાગના તા.૨૯-૯-૨૦૧૧, તા.૧૪-૧૧-૨૦૧૧ અને તા.૪-૨-૨૦૧૨ના સમાનાંકી [illegible]

સુધારા ઠરાવ -

બિન સરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો તથા શિક્ષણ (બી.એડ) વિધાશાખાની કોલેજો માટે આચાર્યની લાયકાત, પસંદગી પ્રક્રિયા તથા નિમણૂંક અંગે સુચનાઓ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૧) પર દર્શાવેલ ઠરાવોથી બહાર પ્રાડવામાં આવેલ છે. જેના મૂળ ઠરાવ તા.૨૯-૯-૨૦૧૧ની જોગવાઇ [illegible] માં આથી નોચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(૧) શૈક્ષણિક લાયકાત- યુ.જી.સી. રેગ્યુલેશન્સ-૨૦૧૦ ની જોગવાઇના પારા નં. ૩.૪.૦, ૩.૫.૦ અને ૪.૨.૦ પ્રમાણે રાખવાની રહેશે.

જયારે આ સુધારા સિવાય વખતો વખત બહાર પડેલ અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એમ.એચ.ખુમાર )
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ-રાજકોટ.

T/ઠરાવ-૨ / 23

- એકાઉન્ટન્ટ જનરલ-૨(પે એન્ડ ઇ), ગુજરાત રાજય, અમદાવાદ-રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય,
- નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, મહારાજા સયાજીવરાવ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વડોદરા
- રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિધાનગર.
- રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
- રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
- રજીસ્ટ્રારશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર-૩૬૪૦૦૨
- રજીસ્ટ્રારશ્રી, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ, યુનિવર્સિટી, ભૂજ
- રજીસ્ટ્રારશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, જી. જુનાગઢ
- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત આર્ટસ, સાયન્સ, કોમર્સ, કાયદા અને બી.એડ. કોલેજ, ગુજરાત રાજય, ગાંધીનગર( ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, ખ-૨, શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ-ખ-શાખા.

ગુજરાત સરકાર.

શિક્ષણ વિભાગ.

સુધારા ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ખ.

સચિવાલય. ગાંધીનગર

તારીખ: 20 JAN 2014

<u>વંચાણે લીધા-</u>

(૧) યુ.જી.સી.રેગ્યુલેશન્સ ઓન મીનીમમ ક્વોલીફીકેશન્સ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડમિક સ્ટાફ ઇન યુનિવર્સિટી એન્ડ કોલેજીસ એન્ડ મેઝર્સ ફોર ધ મેન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઇન હાયર એજ્યુકેશન.૨૦૧૦. તા.૩૦-૬-૨૦૧૦

(૨) વિભાગના તા.૨૯-૯-૨૦૧૧, તા.૧૪-૧૧-૨૦૧૧, તા.૪-૨-૨૦૧૨ અને તા.૧૮-૬-૨૦૧૨ ના સમાનાંકી ઠરાવો.

(3) વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧ નો ઠરાવ ક-એનજીસી/૧૧૨૦૧૧/૧૦૫૦/ખ.

(૪) યુ.જી.સી.નો તા.૧૩-૬-૨૦૧૩ નો સુધારા હુકમ ક્રમાંક-F.1-2/2009(EC/PS)V(i) Vol-II

<u>સુધારા ઠરાવ-</u>

બિન સરકારી અનુદાનિત વિનયન, વાણિજય, વિજ્ઞાન, કાયદો તથા શિક્ષણ (બી.એડ) વિધાશાખાની કોલેજોમાં આચાર્યની ભરતી કેન્દ્રિયકૃત રીતે કરવા માટે વિભાગના તા.૨૯-૯-૨૦૧૧ ના મૂળ ઠરાવથી યુજીસી રેગ્યુલેશન્સ-૨૦૧૦ નીચે થયેલ જોગવાઇઓને ધ્યાને લઇ જે તે સમયની પરિસ્થિતિ તેમજ માંગ મુજબ આચાર્યની લાયકાત, પસંદગી પ્રક્રિયા અર્થાત ગુણાંકન અને નિમણૂંક અંગે વિગતવાર હુકમો કરવામાં આવેલ અને ત્યારબાદ વખતોવખત સુધારા થયેલ છે. આ હુકમોમાં "જ્યાં સુધી ગુણાંકનની જોગવાઇઓ પૂરતું લાગૂ પડે છે ત્યાં સુધી" અગાઉની જોગવાઇઓ રદ કરી નીચે મુજબ ગુણાંકન રાખવા માટે પુખ્ત વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે.

યુજીસી રેગ્યુલેશન્સ-૨૦૧૦ ના પારા - ૬.૦.૦ નીચે ૬.૦.૧ માં નિર્દિષ્ટ કર્યા મુજબની આચાર્યની ભરતી કરવા માટે યુજીસી ગાઇડલાઇનનો અમલ કરવા અને તદાનુસાર યુજીસીની માર્ગદર્શક સૂચનાના એપેન્ડીક્ષ-III માં ટેબલ -I થી IX માં

દર્શાવ્યા મુજબના ગુણાંકનને ધ્યાને લેતા સીધી ભરતી માટે નિયત થયેલ નોર્મ્સ
એપેન્ડીક્ષ-III માં ટેબલ -II(C) માં દર્શાવ્યા મુજબની તેમજ યુ.જી.સી. દ્વારા ઉપર
વંચાણે લીધેલ ક્રમાંક-(૪) થી સુધારેલ ગુણાંકન પધ્ધતિનો અમલ કરવાનો રહેશે.

આ અંગેનું વિગતવાર ગુણાંકન કે પસંદગી પ્રક્રિયા યુ.જી.સી.ની માર્ગદર્શક
સૂચનાઓ મુજબ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૩) થી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની
કચેરીમાં ગઠીત થયેલ ઇન્ટર્નલ ક્વોલીટી એસ્યોરન્સ સેલ દ્વારા આખરી કરવાનું રહેશે.

ઉક્ત સુધારા સિવાય, અગાઉના ઠરાવો /હુકમોમાં રાખવામાં આવેલ, અન્ય
જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એમ.એચ.ખુમાર ) 20/1/2018

ઉપ સચિવ,

શિક્ષણ વિભાગ.

o/c

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ-રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ-૨(પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ-રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય,
- નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, મહારાજા સયાજીરાવ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વડોદરા
- રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિધાનગર.
- રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
- રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
- રજીસ્ટ્રારશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર-૩૬૪૦૦૨
- રજીસ્ટ્રારશ્રી, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ, યુનિવર્સિટી, ભૂજ
- રજીસ્ટ્રારશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, જી. જુનાગઢ
- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત આર્ટસ, સાયન્સ, કોમર્સ, કાયદા અને ...
ગુજરાત રાજ્ય, ગાંધીનગર/ ઉચ્ચ શિ...

રવાના
તા. 20 JAN 2018
સહી...

રાજયની સરકારી તથા બિનસરકારી
અનુદાનિત કોલેજો ના વ્યાખ્યાતા/
અધ્યાપક સહાયકોના ફીક્સ પગારમાં
સુધારો કરવા અંગે.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એનજીસી /૧૧૦૪/૧૬૫૭/ ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૮.૫.૨૦૧૫

વંચાણે લીધા-

૧. વિભાગના તા.૨૫.૮.૨૦૦૫ તથા તા.૩.૧૦.૨૦૧૨ ના સમાનાંકી ઠરાવ.
૨. વિભાગનો તા.૨૬.૮.૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક-જીસીઓ-૧૫૨૦૦૮-૨૬૯૫-ખ
૩. વિભાગનો તા.૧૭.૬.૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક – જીસીઓ-૧૫૦૩-૨૨૨૯-ખ
૪. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની તા.૨૦.૬.૨૦૧૪ની દરખાસ્ત ક્રમાંક- કવટ/આઇએચસી-૮/ભરત/૨૦૧૪/૨૪૧૧

આમુખ -

રાજયની બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં ઉપર વંચાણે લીધેલા ક્રમાંક – ૧ પરના તા.૨૫.૮.૨૦૦૫ ના ઠરાવથી અમલી "અધ્યાપક સહાયક યોજના" અંતર્ગત અધ્યાપક સહાયક તરીકે તેમજ સરકારી કોલેજોમાં ઉપર વંચાણે લીધેલા ક્રમાંક – ૨ ના ઠરાવ અન્વયે "વ્યાખ્યાતા સહાયક" એવા નામાભિધાનથી ૧૧ માસ માટે કરાર આધારીત વ્યાખ્યાતા તરીકે માસિક ફીક્સ પગારથી નિમણૂક આપવામાં આવે છે. આ અધ્યાપકોને હાલમાં ચુકવવામાં આવતા માસિક ફીક્સ પગાર રૂ.૧૬૫૦૦/- માં વધારો કરવામાં ન આવે તો પૂરતા પ્રમાણમાં વ્યાખ્યાતા મળી શકે તેમ ન હોવાથી, પુરતા શૈક્ષણિક સ્ટાફના અભાવે શૈક્ષણિક કાર્યમાં પડતી મુશ્કેલી નિવારવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી દ્વારા આ અધ્યાપકોને હાલમાં ચુકવાતા માસિક ફીક્સ પગાર રૂ.૧૬૫૦૦/- માં વધારો કરી રૂ.૨૫,૦૦૦/- કરવાની મંજુરી આપવા માટે ઉપર વંચાણે લીધેલા ક્રમાંક – ૪ પરના પત્રથી દરખાસ્ત કરી હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ-

રાજયની બિનસરકારી અનુદાનિત વિનયંન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં "અધ્યાપક સહાયક" અને સરકારી કોલેજોમાં ૧૧ માસ માટે કરાર આધારિત "વ્યાખ્યાતા સહાયક" ને હાલમાં માસિક ફીક્સ વેતન રૂ.૧૬,૫૦૦/- ચૂકવવામાં આવે છે તેમાં વધારો કરી માસિક રૂ.૨૫,૦૦૦/- ચૂકવવા માટે આથી મંજુરી આપવામાં આવે છે.

આ હુકમો ઠરાવ થયા તારીખથી અમલમાં આવશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૩.૫.૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નિકુંજ જાની)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ – ૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ – ૨ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- નાણા વિભાગ(પગાર એકમ), સચિવાલય, ગાંધીનગર.
- નાણાસલાહકારશ્રી(શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય.
- આચાર્યશ્રી, તમામ સરકારી તથા બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

T/ઠરાવ-૨ / 2

રાજ્યની બિનસરકારી અનુદાનિત
કોલેજોમાં આચાર્યની ભરતી પ્રક્રિયામાં
વિગતવાર ગુણાંકન નક્કી કરવા અંગે.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૮.૦૪.૨૦૧૬

વંચાણે લીધા-

૧. યુજીસી રેગ્યુલેશન્સ ઓન મીનીમમ ક્વોલીફીકેશન્સ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઇન યુનિવર્સિટી એન્ડ કોલેજીસ એન્ડ મેઝર્સ ફોર ધ મેન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઇન હાયર એજ્યુકેશન,૨૦૧૦, તા.૩૦.૬.૨૦૧૦.

૨. શિક્ષણ વિભાગના તા.૨૯.૯.૨૦૧૧, તા.૧૪.૧૧.૨૦૧૧, તા.૪.૨.૨૦૧૨, તા.૧૮.૬.૨૦૧૨, તા.૨૦.૧.૨૦૧૪, તા.૨૮.૫.૨૦૧૫ અને તા.૫.૧૦.૨૦૧૫ ના સમાનાંકી ઠરાવો.

૩. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની તા.૨૩.૨.૨૦૧૬ ની દરખાસ્ત ક્રમાંક-કવટ/આઇએસસી-૮/ભરતી / ૨૦૧૫

આમુખ -

રાજયમાં આવેલી બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં આચાર્યની ભરતી પ્રક્રિયામાં યુ.જી.સી. રેગ્યુલેશન્સ-૨૦૧૦ ના પારા ૪.૨.૦ અને ૬.૦.૯ મુજબ વિગતવાર ગુણાંકન નક્કી કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૫.૧૦.૨૦૧૫ ના ઠરાવથી સમિતિની રચના કરવામાં આવેલ. આ સમિતિએ યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૦ ની જોગવાઇ ૬.૦.૯ મુજબ ગુણાંકન રજુ કરેલ. આ વિગતવાર ગુણાંકન નક્કી કરવા વંચાણે લીધેલ ક્રમાંક-(૩) ના પત્રથી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી દ્વારા અત્રે દરખાસ્ત કરવામાં આવી હતી, જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વઃ-

પુખ્ત વિચારણાને અંતે, રાજયમાં આવેલી બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં આચાર્યની સીધી ભરતીની કાર્યવાહીમાં યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૦, પેરા ૪.૨.૦ માં દર્શાવેલ નીચે મુજબની જોગવાઇ ધ્યાને લેવા આથી ઠરાવવામાં આવે છે.

4.2.0 PRINCIPAL

I. A master's Degree with at least 55% marks (or an equivalent grade in a point scale wherever grading system is followed) by a recognized University.

II. A Ph.D. Degree in concerned/allied/relevant discipline(s) in the institution concerned with evidence of published work and research guidance.

III. Associate Professor/Professor with a total experience of fifteen years of teaching/research/administration in Universities, Colleges and other institutions of higher education.

IV. A minimum score as stipulated in the Academic Performance Indicator (API) based Performance Based Appraisal System (PBAS), as set out in this Regulation in Appendix III for direct recruitment of Professors in Colleges.

૨. આ ઉપરાંત આચાર્યની સીધી ભરતી પ્રક્રિયામાં યુ.જી.સી. રેગ્યુલેશનના પારા ૬.૦.૯ માં કરેલ જોગવાઇ અનુસાર વિગતવાર ગુણાંકન નીચે મુજબ અનુસરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**Weightages In selection committees to be considered along with other specified eligibility qualifications stipulated in UGC Regulations-2010 for direct – recruitment of Principal in GIA colleges.**

**(As per Para 6.1.0, 6.0.2, and 6.0.9)**

| | | | |
|---|---|---|---|
| 1 | Minimum API scored | | Minimum API score requirement of 400 point from category – III of API as per Table-II (C) of appendix-III of UGC regulations-2010 and 2nd amendment Regulations-2013 |
| 2 | **Weightages as per following dimensions (Para 6.0.9)** | | |
| | Dimension | Weightage | Provision |
| a. | Assessment of aptitude for teaching, research and administration. | 20% | Assessment by the Selection Committee. |
| b. | Ability to communicate clearly and effectively | 10% | Assessment by the Selection Committee. |
| c. | Ability to plan institutional programs, analyze and discuss curriculum development and delivery, research support and college development/administration. | 20% | Assessment by the Selection Committee. |
| d. | Ability to deliver lecture programs to be assessed by requiring the candidate to participate in a group discussion or exposure to a class room situation by a lecture. | 10% | Assessment by the Selection Committee. To be decided by the Selection Committee after adopting due process. |
| A | **Total Assessment by the Selection Committee** | 60% | - |
| e. | Analysis of the merits and credentials –of the candidates on the basis of Performance Based Appraisal System (PBAS) Performa developed by the affiliating University based on these Regulations | 40% | Deduced to 40% of the category – III Table-I of appendix – III of UGC regulations-2010. |
| B | **Assessment on the basis of PBAS** | 40% | As Mentioned |
| | **Total (A + B)** | **100%** | - |

'Assessment on the basis of PBAS'ના ૪૦% નું વિગતવાર બ્રેક-અપ

| | | |
|---|---|---|
| એપેન્ડીક્ષ – III ટેબલ – I કેટેગરી – III મુજબ પી.બી.એ.એસ. આધારે હેડવાઇઝ મૂલ્યાંકન (૪૦% નું બ્રેક અપ) | | |
| IIIA | આઇ.એસ.એસ.એન. નંબર ધરાવતા પિયર રીવ્યુડ જર્નલમાં પ્રકાશિત રીસર્ચ આર્ટીકલ (પ્રતિ આર્ટીકલ- ૧.૫ અને મહત્તમ – ૦૬) | ૦૬ |
| IIIB | પોતાના વિષય/ વહીવટને લગતા આઇ.એસ.બી.એન. નંબર ધરાવતા પ્રકાશિત પુસ્તક (પ્રતિ પુસ્તક – ૨ અને મહત્તમ – ૦૮) | ૦૮ |
| IIIC | યુ.જી.સી. મેજર રીસર્ચ પ્રોજેક્ટપૂર્ણ કરેલ હોય તો પ્રતિ પ્રોજેક્ટ - ૦૬ ગુણ, ચાલુ હોય તો પ્રતિ પ્રોજેક્ટ – ૦૩ ગુણ<br>યુ.જી.સી. માઇનર રીસર્ચ પ્રોજેક્ટપૂર્ણ કરેલ હોય તો પ્રતિ પ્રોજેક્ટ - ૦૫ ગુણ ચાલુ હોય તો પ્રતિ પ્રોજેક્ટ – ૦૨ ગુણ (કુલ મહત્તમ – ૧૨ ગુણ) | ૧૨ |
| IIID | એમ.ફીલ ગાઇડ તરીકે પૂર્ણ થયેલ ડેઝર્ટેશન: પ્રતિ વિદ્યાર્થી- ૦૧ ગુણ<br>પી.એચ.ડી.ગાઇડ તરીકે પૂર્ણ થયેલ થીસીસ: પ્રતિ વિદ્યાર્થી- ૦૨ ગુણ (કુલ મહત્તમ – ૦૮ ગુણ) | ૦૮ |
| IIIE | કોન્ફરન્સ, સેમીનાર, વર્કશોપ વગેરેમાં રીસર્ચ પેપર, પ્રેઝન્ટેશન /આમંત્રિત વ્યાખ્યાતા તરીકેનું વ્યાખ્યાન<br>રાજ્ય કક્ષા: પ્રતિ પેપર/વ્યાખ્યાન- ૦.૫ ગુણ<br>રાષ્ટ્રીય કક્ષા: પ્રતિ પેપર/વ્યાખ્યાન- ૧ ગુણ<br>આંતરરાષ્ટ્રીય કક્ષા: પ્રતિ પેપર/વ્યાખ્યાન-૨ ગુણ (કુલ મહત્તમ – ૦૬ ગુણ) | ૦૬ |
| | કુલ ભારાંક | ૪૦ |

૩. સદર અનુમતિ સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(શિક્ષણ) ની તા.૨૮.૩.૨૦૧૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

21/4/16

(ડી.એસ.શર્મા)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય. (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- ખ-૧ અને ખ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

બિનસરકારી અનુદાનિત કોલેજોમાં
આચાર્યની ભરતી પ્રક્રિયામાં વિગતવાર
ગુણાંકન નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૦૨૦/CHE-૨૧૯/ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૪/૦૫/૨૦૨૧

વંચાણે લીધા -

૧. યુજીસી રેગ્યુલેશન્સ ઓન મીનીમમ ક્વોલીફીકેશન્સ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઇન યુનિવર્સિટી એન્ડ કોલેજીસ એન્ડ મેઝર્સ ફોર ધ મેન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઇન હાયર એજ્યુકેશન, ૨૦૧૦, તા.૩૦.૬.૨૦૧૦

૨. શિક્ષણ વિભાગના તા.૧૮.૦૪.૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ખ

૩. યુજીસી રેગ્યુલેશન્સ ઓન મીનીમમ ક્વોલીફીકેશન્સ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઇન યુનિવર્સિટી એન્ડ કોલેજીસ એન્ડ મેઝર્સ ફોર ધ મેન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઇન હાયર એજ્યુકેશન, ૨૦૧૮, તા.૧૮.૦૭.૨૦૧૮.

૪. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની તા.૦૨.૦૫.૨૦૨૦ની દરખાસ્ત ક્રમાંક-કવટ/આઇએસસી ૮/ભરતી/૨૦૨૦/ ૧૧૦૯૮

પ્રસ્તાવના-

રાજ્યમાં આવેલી બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં આચાર્યની ભરતી પ્રક્રિયામાં યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૦ના પારા ૪.૨.૦ અને ૬.૦.૯ મુજબ વિગતવાર ગુણાંકન નક્કી કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક-(૨)ના આ વિભાગના ઠરાવથી ઠરાવવામાં આવેલ હતું.

યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૮ અમલમાં આવતાં, રાજ્યમાં આવેલી બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં આચાર્યની ભરતી પ્રક્રિયામાં યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૮ મુજબ લાયકાત પારા. 4.1.V.(A), પસંદગી સમિતિની રચના પારા 5.1.VIII(A) મુજબ, એકેડેમિક રીસર્ચ સ્કોર અંગેની ગણતરી APPENDIX-II TABALE-02 મુજબ અને ત્યારબાદ પસંદગી પ્રકિયા નક્કી કરવા અંગે વંચાણે લીધેલ ક્રમાંક-(૧)ના પત્રથી ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત અંગે જરૂરી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજયમાં આવેલી બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં આચાર્યની સીધી ભરતીની કાર્યવાહીમાં યુ.જી.સી. રેગ્યુલેશન-

૨૦૧૮, પારા 4.1.V.(A)માં દર્શાવેલ જોગવાઈ ધ્યાને લઈને નીચે મુજબની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

**College Principal**

**A. Eligibility:**

i. Ph.D. degree

ii. Professor/Associate Professor with a total service/ experience of at least fifteen years of teaching/research in Universities, Colleges and other institutions of higher education.

iii. A minimum of 10 research publications in peer-reviewed or UGC-listed journals.

iv. A minimum of 110 Research Score as per Appendix II, Table 2.

And

v. The research score shall be from the minimum of three categories out of six categories.

૨. આ ઉપરાંત આચાર્યની સીધી ભરતી પ્રક્રિયામાં યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૮ના પારા 5.1.VIII(A) માં કરેલ જોગવાઈ અનુસાર પારા 5.1.VIII(A) ક્રમ(d) સિવાયના મુદ્દાઓ ધ્યાનમાં રાખીને પસંદગી સમિતિની રચવાની આથી મંજૂરી આપવામાં આવે છે અને આચાર્યની ભરતી કરવા માટે ઉપર મુજબની પસંદગી સમિતિમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી દ્વારા નિયુક્ત એક સરકારી પ્રતિનિધિનો સમાવેશ કરવાનો રહેશે.

૩. બિનસરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની ભરતી પ્રક્રિયામાં એકેડેમિક/રીસર્ચ સ્કોરની ગણતરી યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૮ના Appendix-II, Table-2 અનુસાર ગણતરી કરવાની રહેશે.

૪. રીસર્ચ સ્કોરને આધારે આચાર્યની ભરતી પ્રક્રિયામાં પસંદગીની પ્રક્રિયા નીચે મુજબ અનુસરવાની રહેશે.

**100% Score based on interview**

| Sr. | Parameter | Weightage % |
|---|---|---|
| A | Assessment of aptitude for teaching, research and administration | 35 |
| B | Ability to communicate clearly and effectively | 15 |
| C | Ability to plan institutional programs, analyse and discuss curriculum development and delivery, research support and college development/ administration | 35 |
| D | Ability to deliver lecture programs to be assessed by requiring the candidate to participate in group discussion or exposure to a classroom situation by a lecture | 15 |
| | Total | 100 |

ઉપર મુજબના હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૦૨.૦૨.૨૦૨૧ની નોંધથી મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય. (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- ખ-૧ અને ખ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.
- સિલેકટ ફાઈલ.